# Oasis

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનુ મુખપત્ર

અંક – ૮૨ : ઓક્ટોબર – ડિસેમ્બર ૨૦૨૨

## તંત્રીસ્થાનેથી . . .

**પ્રિય મિત્રો,**

નમસ્કાર!

આ મુખપત્ર દ્વારા ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન (આઈ.આર.એફ) દ્વારા કરેલ પ્રવૃત્તિઓ વિષે આપ સૌને માહિતગાર કરવાનો મોકો મળતા હું આનંદની લાગણી અનુભવું છું.

હું આપ સૌને આ અંકના માધ્યમથી ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનની ઓફિસ બદલવામાં આવી તે વિષેની મહત્વપૂર્ણ જાણકારી આપવા માંગુ છું સંસ્થાની નવી ઓફિસ મારી પોતાની જ ઓફિસમાં તારીખ ૧ ડિસેમ્બર ૨૦૨૨ થી શિફ્ટ કરવામાં આવી છે જેનું સરનામું B–૨૦૪, શપથ–૪, કર્ણાવતી કલબની સામે, એસ.જી. હાઈવે, અમદાવાદ. જેની આપ સૌ નોંધ લેશો.

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનની સ્થાપનનો ઘ્યેય શરૂઆતથી જ સમાજનાં લોકોને કિડનીના રોગો વિષે શિક્ષિત અને જાગૃત કરી એક સ્વસ્થ સમાજનું નિર્માણ કરવાનો છે અને આપ સૌના અમૂલ્ય યોગદાનથી આ ઘ્યેયને હાંસલ કરવા માટે અમે સતત આગળ વધી રહ્યા છીએ.

સંસ્થાના અધિકારીઓ નિયમિતપણે ગ્રામીણ વિસ્તારોની મુલાકાત લે છે અને લોકજાગૃતિ તેમજ નિદાન કેમ્પનું આયોજન સ્થાનિક આગેવાનોને સાથે રાખીને કરવામાં આવે છે. આ ત્રિમાસિક ગાળા દરમિયાન ગુજરાત રાજયમાં અલગ અલગ જિલ્લાઓમાં કુલ ૯૫ જાગૃતિ કાર્યક્રમો અને ૮૦ બીપી અને ડાયાબિટીસ નિદાન કેમ્પ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમો મેહસાણા, રાજકોટ, ભાવનગર, સુરત, ગાંધીનગર, ગીર–સોમનાથ, અમદાવાદ તેમજ વડોદરા જેવા જિલ્લાના અલગ અલગ તાલુકાઓ તેમજ આજુબાજુના ગામડાઓમાં આયોજિત કરવામાં આવ્યા હતા.

૧૪ નવેમ્બરનો દિવસ સમગ્ર વિશ્વમાં 'ડાયાબિટીસ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. જેનો હેતુ ડાયાબિટીસ જેવા બિનચેપી રોગની શરીરના મહત્વના અંગો પર પડતી ખરાબ અસર વિષે વિશ્વના લોકોને જાગૃત કરવાનો છે. સંસ્થા દ્વારા આ દિવસે ડાયાબિટીક નેફ્રોપથી એટલે કે ડાયાબિટીસની કિડની પર પડતી ખરાબ અસરથી લોકોને જાગૃત કરવાના હેતુથી વિવિધ સ્થળોએ નિદાન અને જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

કિડનીના દર્દીઓના પુનઃર્વસન માટે ચલાવવામાં આવતા 'પ્રેરણા' કાર્યક્રમ હેઠળ વિવિધ પ્રકારની પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે જેના ભાગરૂપે દિવાળી પર્વ નિમિત્તે પ્રેરણા કાર્યક્રમાં જોડાયેલ કેટલાક દર્દીઓના કુટુંબીજનોએ ફેન્સી દીવા બનાવવાની કામગીરી કરી હતી અને તેનું વેચાણ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું જેના થકી તેમને આર્થિક મદદ મળી હતી.

જરૂરિયાતમંદ કિડનીના દર્દીઓને સારવાર માટે આર્થિક મદદ મળી રહે તે હેતુથી સંસ્થા દ્વારા સેવ અ લાઈફ કાર્યક્રમ ચલાવવામાં આવી રહ્યો છે જે અંતર્ગત અમે આ સમયગાળા દરમિયાન ૫૬ કિડનીના દર્દીઓને દવાઓ અને AV Fistula ની સર્જરી માટે કુલ રૂ.૧,૯૫,૦૦૦ની સહાય કરી હતી.

શ્રી રશ્મિકાંતભાઈ જે. શાહ અને નારાયણ પાવરટેક લિમિટેડ, વડોદરાના મળતા સતત સહયોગથી અમે આ કાર્યક્રમ થકી જરૂરિયાતમંદ દર્દીઓને મદદ કરી શકીએ છીએ તે બદલ હું બંને દાતાશ્રીઓનો હૃદયપૂર્વક આભાર માનું છું.

સંસ્થાની ૨૦ વર્ષની સંતોષજનક સફરનો હિસ્સો બની સતત પ્રોત્સાહન આપવા બદલ આપ સૌનો ખૂબ ખૂબ આભાર. ચાલો આપણે એજ જુસ્સાથી સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખીએ અને એક સ્વસ્થ સમાજનું નિર્માણ કરીએ.

આપ સૌને વર્ષ ૨૦૨૩ સુખ, શાંતિ અને સમૃદ્ધિ બક્ષે તેવી શુભેચ્છા સહ, ...



**ત્રિલોકભાઈ પરીખ**

**ચેરમેન**

**સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો**

**અમદાવાદ ચેપ્ટર**

૧. શ્રીમતી પ્રિતીબેન અદાણી
૨. શ્રી પી. કે. લહેરી
૩. શ્રી હેમંતભાઈ શાહ
૪. પદ્મશ્રી ડો. કુમારપાલ દેસાઈ
૫. શ્રી રશ્મિકાન્તભાઈ શાહ
૬. શ્રી રમેશભાઈ પટેલ
૭. શ્રીમતી જયશ્રીબેન મહેતા
૮. શ્રી શુભાંગભાઈ શાહ
૯. ડો. વી. એન. શાહ
૧૦. શ્રી નિલેશભાઈ દેસાઈ
૧૧. શ્રી ભરતભાઈ મોદી
૧૨. શ્રીમતી રેખાબેન ચોના
૧૩. શ્રી જ્યંતિભાઈ સંઘવી
૧૪. શ્રી જગતભાઈ કિનખાબવાલા

**વડોદરા ચેપ્ટર**

૧. રાજમાતા શુભાંગીની રાજે ગાયકવાડ
૨. શ્રી કરણ ગ્રોવર
૩. શ્રી મહેશભાઈ શાહ
૪. શ્રી જાલ પટેલ
૫. શ્રી યોગેશભાઈ વેલાણી
૬. શ્રી નિલેશભાઈ શુકલા
૭. શ્રી મધુભાઈ મહેતા
૮. શ્રી કુંજલભાઈ પટેલ
૯. શ્રી રોહિતભાઈ પરીખ

**સુરત ચેપ્ટર**

૧. શ્રી શરદભાઈ કાપડિયા
૨. શ્રી આઈ. જે. દેસાઈ
૩. શ્રી રજનીકાંતભાઈ કે. મારફતિયા
૪. શ્રી રાજેન્દ્રભાઈ ચોખાવાલા
૫. ડો. શ્રીમતી મીનાબેન માંડલેવાલા
૬. ડો. પ્રફુલભાઈ શિરોયા
૭. શ્રી ભરતભાઈ શાહ
૮. શ્રી રોહિતભાઈ મહેતા
૯. શ્રી કમલેશભાઈ યાજ્ઞિક
૧૦. શ્રી પ્રદીપભાઈ કલકત્તાવાલા
૧૧. કુ. જીજ્ઞાસાબેન ત્રિવેદી
૧૨. ડો. પ્રદિપભાઈ અટોદરીયા

## કિડની જાગૃતિ કાર્યક્રમ (Prevention Through Awareness Program)

સંસ્થા દ્વારા મલ્ટી-મીડિયા પ્રોજેક્ટરની મદદથી વિવિધ સ્થળો જેવા કે સ્કૂલ, કૉલેજ, યુનિવર્સિટી, સોશિયલ ક્લબ, ગ્રામ પંચાયતો, ઔદ્યોગિક વિસ્તાર, રહેણાંક સોસાયટીઓ, વિવિધ ટ્રેનિંગ સેન્ટરો વગેરે સ્થળોએ કિડની જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જેમાં કિડની અને તેના બચાવ વિષેની સંપૂર્ણ વૈજ્ઞાનિક માહિતી સ્લાઇડ શો અને વિડીયો દ્વારા આપવામાં આવે છે.

## કિડની જાગૃતિ કાર્યક્રમોની એક ઝલક



અંબુજા સિમેન્ટ પ્લાન્ટ, હજીરા, સુરત



ઉમિયા નર્સિંગ કોલેજ, સોલા, અમદાવાદ




નારદીપુર ગામ, તા.જી.- ગાંધીનગર



મહિલા આઈ.ટી.આઈ, મણીનગર, અમદાવાદ



જે.વી. પટેલ આઈ. ટી.આઈ., કરમસદ, જી. આણંદ



રેડ ક્રોસ સોસાયટી, ભાવનગર



જી.ટી. ગર્લ્સ હાઇસ્કૂલ, રાજકોટ




એલ એન્ડ ટી સ્કિલ ટ્રેનિંગ સેન્ટર, ચાંગોદર

# બીપી, ડાયાબિટીસ અને કિડની નિદાન કેમ્પ

આ કેમ્પનું આયોજન કરવાનો મુખ્ય ઉદ્દેશ હાયપરટેન્શન અને ડાયાબિટીસ જેવા બિનચેપી રોગોની શરીરના મહત્વના અંગો, ખાસ કરીને કિડની પર થતી ગંભીર અસરો અંગે જાગૃતિ લાવવાનો છે. અમારા કાર્યક્રમોની કાર્યક્ષમતા અને અસરકારકતા સુધારવા અમે સ્થાનિક સ્વયંસેવકોની પણ મદદ લઈએ છીએ.




આઇ.ટી.આઇ., ઉત્તરસંડા, જી.–વડોદરા




એસાર પ્લાન્ટ, હજીરા, સુરત



સી.એન. વિદ્યાલય, અમદાવાદ




જૈન દેરાસર, પાલિતાણા, જી. ભાવનગર




ડારી ગામ, જી.–રાજકોટ



ડોડીવાળા ગામ તા. બેચરાજી, જી. મેહસાણા



નારદીપુર ગામ, તા. જી. ગાંધીનગર



ઓર્ગેનિક ફૂડ અને શાકભાજી માર્કેટ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

## સંસ્થા દ્વારા સી.એન. વિદ્યાલય ખાતે આયોજિત બીપી અને ડાયાબિટીસ કેમ્પમાં ભાગ લેનાર લાભાર્થીનો પ્રતિસાદ.



અમિતભાઈ મકવાણા

મારું નામ અમિત મકવાણા છે અને મારી ઉંમર ૩૫ વર્ષની છે. મારો પુત્ર અમદાવાદ સ્થિત શેઠ. સી.એન. વિદ્યાલયમાં અભ્યાસ કરે છે. તારીખ ૩૧ ડિસેમ્બર ૨૦૨૨ ના રોજ સ્કૂલમાં સ્પોર્ટ્સ ડે નિમિતે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા આયોજિત નિઃશુલ્ક ડાયાબિટીસ અને બ્લડપ્રેશર તપાસ કેમ્પમાં મે ભાગ લીધો હતો. તપાસ દરમિયાન મારું બ્લડપ્રેશર જરૂર કરતાં ઊંચું જાણવા મળ્યું. જેનાથી હું બિલકુલ અજાણ હતો. એ પછી ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનના કાર્યકર્તાઓએ યોગ્ય માર્ગદર્શન આપીને કેટલીક માહિતી પુસ્તિકાઓ આપી તેમજ વહેલી તકે નજીકના સારા તબીબની સલાહ લેવા માટે સૂચના આપી. મે ઘરે જઈને સંસ્થા દ્વારા આપવામાં આવેલ પુસ્તિકાઓ વાંચી અને એજ દિવસે હું મારા ફેમિલી ડૉક્ટર પાસે ગયો જ્યાં ડૉક્ટર સાહેબે મારા બ્લડપ્રેશરની ફરીથી તપાસ કરી અને ત્યાં પણ મારું બ્લડપ્રેશર જરૂર કરતાં વધારે આવ્યું. ત્યારબાદ ડોકટર સાહેબે મારી સારવાર શરૂ કરી અને બીજા અન્ય કેટલાક તબીબી પરીક્ષણ કરવા માટેની સૂચના આપી.

બીજા દિવસે હું ફરીથી મારા પુત્રની સ્કૂલમાં ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા ચાલતા કેમ્પમાં ગયો. તેઓએ મને લાયન્સ ઈન્ટરનેશનલ ક્લબ અને શ્રી રશ્મિકાંતભાઈ શાહના સહયોગથી હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન ખાતે થતાં નિઃશુલ્ક તબીબી પરીક્ષણ માટેનું કાર્ડ આપ્યું. મે એનો લાભ લીધો અને ડોક્ટર સાહેબે સૂચવેલ દરેક ટેસ્ટ ત્યાં વિનામૂલ્યે કરવામાં આવ્યા. સદનસીબે મારા બધા જ રિપોર્ટ નોર્મલ આવ્યા છે પરંતુ ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા આયોજિત આ કેમ્પે મારી આંખો ખોલી દીધી છે.

એમના દ્વારા આપેલી માહિતી પુસ્તિકાઓમાં ડાયાબિટીસ અને હાઈબ્લડપ્રેશરથી કિડની ઉપરાંત શરીરના અન્ય અંગો પર શું વિપરીત અસર પડે છે તેની જીણવટપૂર્વકની માહિતી સરળ ભાષામાં આપી છે. આ કેમ્પમાં ભાગ લીધા બાદ મને કિડનીની સંભાળ કઈ રીતે રાખવી તે બધી બાબતો જાણવા મળી તે બદલ હું ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન અને તેમના કાર્યકરોનો હૃદયપૂર્વક આભાર માનું છું. આ સંસ્થા કિડની અને કિડની ને લગતા રોગો વિષે લોકજાગૃતી ફેલાવવાથી લઈને તેના નિદાન સુધીના લોકકલ્યાણ માટેના કાર્યો કરે છે.

ખરેખર ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનની આ પ્રવૃતિ ખૂબ જ પ્રશંશનીય છે અને મારા જેવા ઘણાબધા લોકો માટે એ વરદાનરૂપ છે.

## વિશ્વ ડાયાબિટીસ દિવસ

આપ સૌ જાણો છો કે ડાયાબિટીસ એક અસાધ્ય રોગ છે અને મનુષ્યની બદલાતી જીવન શૈલી, ખોરાક તેમજ અન્ય કેટલાક પરિબળો ને કારણે દિવસેને દિવસે આ રોગ મોટા પ્રમાણમાં મનુષ્યના શરીરમાં ઘર કરી રહ્યો છે. જો આ રોગને યોગ્ય રીતે નિયંત્રિત ના કરવામાં આવે તો શરીરના મહત્વપૂર્ણ અંગોને લાંબાગાળે નુકસાન કરે છે.

૧૪ નવેમ્બર નો દિવસ એ વિશ્વ ભરમાં 'ડાયાબિટીસ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે જેનો ઉદ્દેશ્ય ડાયાબિટીસના રોગ વિષે લોકજાગૃતિ લાવવાનો છે જેના ભાગરૂપે સંસ્થાની સલાહકાર સમિતિના સક્રિય સભ્ય શ્રી રશ્મિકાંતભાઈ શાહ અને લાયન્સ ક્લબ ઓફ શાહીબાગના સહયોગથી તારીખ ૧૪ થી ૨૦ નવેમ્બર ૨૦૨૨ સુધી 'ડાયાબિટીસ જાગૃતિ સપ્તાહ' તરીકે ઉજવવામાં આવ્યું હતું. આ અઠવાડિયા દરમિયાન સંસ્થાએ વિવિધ સ્થળો પર ડાયાબિટીસ તપાસ કેમ્પ તેમજ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન હાથ ધર્યું હતું.

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો ભાવનગર ચેપ્ટર

૧. શ્રી જનાર્દનભાઈ ભટ્ટ
૨. શ્રી સુનિલભાઈ વડોદરીયા
૩. શ્રી અશેષભાઈ ત્રિવેદી
૪. શ્રી ચેતનભાઈ કામદાર
૫. શ્રી રાજુભાઈ બક્ષી
૬. શ્રી મેહુલભાઈ પટેલ
૭. શ્રી સુમિતભાઈ ઠક્કર

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો રાજકોટ ચેપ્ટર

૧. શ્રી રમેશભાઈ પટેલ
૨. શ્રી ચંદુભાઈ વિરાણી
૩. શ્રી હરેશભાઈ વોરા
૪. શ્રી શંભુભાઈ પરસાણા
૫. ડો. સુધીર ભીમાણી
૬. ડો. કમલેશ જોષીપુરા
૭. શ્રી કિશોરભાઈ કોટક
૮. શ્રી મિત્તલભાઈ ખેતાણી
૯. શ્રી રજનીભાઈ પટેલ
૧૦. શ્રી રમેશભાઈ ઠક્કર
૧૧. શ્રી ડેનિશ આડેસરા

## વિશ્વ ડાયાબિટીસ દિવસ નિમિત્તે કરેલ કાર્યક્રમોની ઝલક




અંધ કલ્યાણ કેન્દ્ર, રાણીપ, અમદાવાદ



માધવપુરા માર્કેટ, શાહીબાગ, અમદાવાદ




શ્રી નીલકંઠ મહાદેવ મંદિર, બલોલનગર, રાણીપ




શ્રી રામેશ્વર મહાદેવ મંદિર, નિર્ણયનગર, અમદાવાદ

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો મહેસાણા ચેપ્ટર

૧. શ્રી શરદભાઇ શાહ
૨. શ્રી ચંદુભાઇ આઇ. પટેલ
૩. શ્રી અજીતભાઇ ટી. પટેલ
૪. શ્રી સુરેન્દ્રભાઇ બી. પરીખ
૫. ડો. શ્રી મુકેશભાઇ એમ. ચૌધરી
૬. ડો. શ્રી પી. ડી. પટેલ
૭. શ્રી સંદિપભાઇ શેઠ

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો હિંમતનગર ચેપ્ટર

૧. ડો. ચીમનભાઈ પટેલ
૨. શ્રી ચંદ્રકાંતભાઈ સી. શેઠ
૩. શ્રી ગિરીશભાઈ ભાવસાર
૪. શ્રી મહેન્દ્રસિંહ પી. ચૌહાણ
૫. શ્રી કુંજબિહારી જે. પટેલ
૬. શ્રી ગોપાલસિંહ એન. રાઠોડ
૭. શ્રી બાલકૃષ્ણ એમ. ઠક્કર
૮. ડો. કેવલભાઈ એમ. પટેલ

## જાહેર કિડની જાગૃતિ કાર્યક્રમ

ડાયાબિટીસ દિવસ નિમિત્તે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા ગુજરાત વિદ્યાપીઠ યુનિવર્સિટીના અધ્યાપક ગણ અને વિદ્યાર્થીઓ માટે ડાયાબિટીસ જેવા રોગની કિડની પર પડતી વિપરીત અસર વિષય પર એક વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ડૉ. ઉમેશ ગોધાણી (નેફ્રોલોજીસ્ટ) હાજર રહયા હતા અને ઉપરોક્ત વિષય પર પ્રોજેક્ટર દ્વારા વિસ્તૃત માહિતી આપી હતી. આ જાહેર જાગૃતિ કાયક્રમમાં ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક ડો. રાજેન્દ્રભાઈ ખીમાણી, ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન, અમદાવાદ ખાતેની સ્થાનિક સલાહકાર સમિતિના સભ્ય શ્રી રશ્મિકાંતભાઈ શાહ અને લાયન્સ કલબના ગવર્નર શ્રી રસિકભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહયા હતા અને અમારી ટીમનો ઉત્સાહ વધાર્યો હતો.



નિદાન કેમ્પમાં ભાગ લેતા અધ્યાપકગણ



વક્તવ્ય આપતા ડો. ઉમેશ ગોધાણી

**"પ્રેરણા એટલે હિમોડાયાલિસીસ અને કિડની ટ્રાન્સપ્લાન્ટની સારવાર લેતા કિડનીના દર્દી મિત્રોને આનંદપૂર્વક જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરતુ એક વિશિષ્ટ સંગઠન"**

ક્રોનિક કિડની ફેલ્યોર નામના ભયંકર રોગનો ભોગ બન્યા પછી, દર્દીઓ માનસિક રીતે ખૂબ જ તણાવમાં હોય છે અને તેમાંથી ઘણા લોકો જીવનમાંથી રસ ગુમાવે છે. આ કાર્યક્રમ ચલાવવા પાછળનો હેતુ તેમની માનસિક સ્થિરતા અને જીવનની ગુણવત્તા સુધારવાનો છે. આ ત્રિમાસિક સમય દરમિયાન સંસ્થાના વિવિધ ચેપ્ટરમાં પ્રેરણા કાર્યકમનું આયોજન કરવામાં આવ્યું હતું.

### અમદાવાદ

તારીખ ૧૫ ઓકટોબર ૨૦૨૨, શનિવારના રોજ બી.કે. હોલ પ્રીતમનગર અખાડા, પાલડી, અમદાવાદ ખાતે પ્રેરણા સભ્યો માટે મ્યુઝિક અને રાસ-ગરબાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સામાજીક કાર્યકર અને સેવાભાવી એવા શ્રી રૂપેશભાઈ શાહ અને તેમની ટીમ દ્વારા અવનવા ગીતો ગાઈને પ્રેરણા સભ્યોને મનોરંજન કરાવ્યું હતું અને પ્રેરણા સભ્યોએ ડાન્સ અને રાસ-ગરબાની પણ મજા માણી હતી. શ્રી રશ્મિકાંતભાઇ શાહ આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રેરણા સભ્યોનો ઉત્સાહ વધાર્યો હતો. આ પ્રેરણા કાર્યક્રમમાં ડિનરનું આયોજન હોક્કો ઇટરી અને સંસ્થાના સ્થાનિક સલાહકાર સમિતિના સભ્ય શ્રીમતી રેખાબેન ચોના તરફથી કરવામાં આવ્યું હતું તેમજ એક્ટ ઓફ કાઈન્ડનેસ ફાઉન્ડેશન તરફથી રૂ. ૫૦૦૦/-નું દાન આપવામાં આવ્યું હતું. બંને દાતાશ્રીઓનો અમે આભાર વ્યક્ત કરીએ છીએ.



પ્રેરણા કાર્યક્રમ, અમદાવાદ



પ્રેરણા કાર્યક્રમ, મહેસાણા

### મહેસાણા

પ્રેરણા સભ્યો અને તેમના પરિવારને ઘરે બેઠા આજીવિકા મળી રહે તે હેતુથી મહેસાણા ચેપ્ટર ખાતે ભારતીય ઉદ્યોગ સાહસિકતા સંસ્થાન (હસ્તકલા સેતુ યોજના) ના સહયોગથી એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હસ્તકલા સેતુ યોજનાના અધિકારી શ્રીમતી સોનલબેન શ્રીમાળી ઉપસ્થિત રહયા હતા અને વિવિધ યોજનાઓ અંગે પ્રેરણા સભ્યોને માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના મહેસાણા ચેપ્ટર સલાહકાર સમિતિના ચેરમેન શ્રી શરદભાઈ શાહ ઉપસ્થિત રહયા હતા.

## ભાવનગર

ભાવનગર ચેપ્ટર ખાતે સંસ્થા દ્વારા દિવાળીના શુભ પર્વ નિમિત્તે પ્રેરણા સભ્યોને ફેન્સી દીવા બનાવવા માટેની તાલીમ આપવામાં આવી હતી. ઘણા બધા દર્દી મિત્રો એ આ તાલીમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને ખૂબ જ સુંદર ફેન્સી દીવા બનાવ્યા હતા. આ બનાવેલ દીવાનું સંસ્થા દ્વારા વેચાણ કરવામાં આવ્યું હતું અને તેની રકમ પ્રેરણા સભ્યોને આપવામાં આવી હતી.




પ્રેરણા કાર્યક્રમ, ભાવનગર

## Save a life

Sponsoring Renal Treatment

ડાયાલિસીસ અને કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવી રહેલા જરૂરિયાતમંદ કિડનીના દર્દીઓને સેવ અ લાઈફ કાર્યક્રમ અંર્તગત ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન નાણાકીય સહાય પૂરી પાડવાનો એક નમ્ર પ્રયાસ કરી રહી છે. આ કાર્યક્રમ સંસ્થા દ્વારા જુલાઈ ૨૦૦૨ માં શરૂ કરવામાં આવ્યો હતો.

અત્યાર સુધી સંસ્થા દ્વારા હિમોડાયાલિસીસ, કિડની ટ્રાન્સપ્લાન્ટ પછીની દવાઓ અને AV ફિસ્ટુલા સર્જરી માટે ઘણા જરૂરિયાતમંદ દર્દીઓને સહાય કરવામાં આવી છે.

સાંથલ ગામ તા. જોટાણા, જી. મહેસાણા ના વતની કંકુબેન રબારી કે જેઓ કિડની નિષ્ફળતાથી પીડાય છે તેમની હિમોડાયાલિસીસની સારવાર શરૂ કરવા માટે AV ફિસ્ટુલાની સર્જરીનો તમામ નાણાકીય ખર્ચ સંસ્થા દ્વારા ચૂકવવામાં આવ્યો.

અન્ય એક રાધનપુર ગામના વતની લીલાબેન સાધુને પણ AV ફિસ્ટુલાની સર્જરી માટે સંપૂર્ણ નાણાકીય મદદ કરવામાં આવી.



કંકુબેન રબારી



લીલાબેન સાધુ

### સ્થાનિક સલાહકાર સમિતિ
### ગીર-સોમનાથ


૧. શ્રી પ્રવિણભાઈ કે. લહેરી
૨. શ્રી વિજયસિંહ ચાવડા
૩. શ્રી જગમલભાઈ વાલા
૪. શ્રી રમેશભાઈ ચોપડકર
૫. શ્રી જીતેન્દ્રભાઈ મહેતા
૬. શ્રી સુરેશભાઈ કંપાણી
૭. શ્રી ગિરીશભાઈ ઠક્કર
૮. ડો.શ્રી રાજુભાઈ ક્રિષ્નાની
૯. શ્રી તેજસભાઈ પંડ્યા
૧૦. શ્રી અરૂણકુમાર શર્મા

# આ સમયગાળા દરમિયાન મળેલ દાનની વિગતો

## Save a life – Sponsoring Renal Treatment કાર્યક્રમના દાતાશ્રીઓ

| | |
|---|---|
| શ્રી રશ્મિકાંતભાઈ જે. શાહ, અમદાવાદ | રૂ. ૧,૨૦,૦૦૦/– |
| નારાયણ પાવરટેક લિમિટેડ, વડોદરા | રૂ. ૯૦,૦૦૦/– |
| શિલ્પ ગ્રેવીયર્સ લિમિટેડ, અમદાવાદ | રૂ. ૨૫,૦૦૦/– |
| શ્રી મેઘજીભાઈ પુંજાભાઈ મેમોરિયલ ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટ | રૂ. ૨૧,૦૦૦/– |
| શ્રીમતિ કંચનબેન દામોદર ચાંપાનેરી, વડોદરા | રૂ. ૧૫,૦૦૦/– |
| બરોડા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ, વડોદરા | રૂ. ૪,૦૦૦/– |

## પ્રેરણા કાર્યક્રમના દાતાશ્રીઓ

| | |
|---|---|
| શ્રીમતી સારીકાબેન એમ. ગાંધી, અમદાવાદ | રૂ. ૧૦,000/– |
| એક્ટ ઓફ કાઈન્ડનેસ, અમદાવાદ | રૂ. ૫,૦૦૦/– |
| શ્રી યોગેશ હસમુખરાય ઠક્કર, રાજકોટ | રૂ. ૧,૫૦૦/– |

## ડોનર સભ્યપદ કાર્યક્રમ

| ક્રમ નં. | સભ્યપદના પ્રકાર | દાન રકમ |
|---|---|---|
| ૧. | વાષિર્ક મેમ્બર | રૂ. ૨૫૦ |
| ૨. | પાંચ વર્ષ મેમ્બર | રૂ. ૧,૦૦૦ |
| ૩. | દસ વર્ષ મેમ્બર | રૂ. ૨,૫૦૦ |
| ૪. | લાઈફ મેમ્બર | રૂ. ૫,૦૦૦ |
| ૫. | ગોલ્ડ મેમ્બર | રૂ. ૧૦,૦૦૦ |
| ૬. | પેટ્રોન મેમ્બર | રૂ. ૨૫,૦૦૦ |

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનને આપવામાં આવતુ દાન ઈન્કમ ટેક્સ, સેક્સન 80 G હેઠળ 50% કર રાહતને પાત્ર છે

**ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન**

B–૨૦૪, શપથ–૪, કર્ણાવતી કલબની સામે, સરખેજ–ગાંધીનગર હાઈવે, અમદાવાદ–૩૮૦૦૫૧. ફો. ૦૭૯ ૪૦૦૨ ૭૮૮૪
વડોદરા: ૯૨૨૭૧–૦૧૭૬૨ • સુરત: ૯૨૨૭૯–૨૧૦૬૧ • રાજકોટ: ૯૨૨૨૭૨–૫૧૫૮૫ • મહેસાણા: ૮૫૧૧૧–૧૪૨૫૬ • ભાવનગર: ૮૫૧૧૧–૧૪૨૫૭ • ભૂજ: ૮૫૧૧૧–૪૮૨૨૮ • હિંમતનગર: ૬૩૫૪૯–૧૭૬૬૭
e-mail: irf@indiarenalfoundation.org visit us at: www.indiarenalfoundation.org

All contributions to India Renal Foundation are 50% tax exempt u/s 80G